For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરત મનપાના નાયબ આરોગ્ય અધિકારીઓના પાપે સુરત ગંદું શહેર થઈ ગયું

# સફાઈ થતી નથી, કચરો ઉપાડાતો નથી! સુરત બન્યું નર્કાગાર



**માત્ર** કાગળો પર જ સ્વચ્છતા બતાવવામાં માહિર અધિકારીઓની ફિલ્ડ પર જવા જ માંગતા નથી

**પ્લેગ** બાદ સુરત ખરેખર સ્વચ્છ શહેર બની ગયું હતું, પ્રગતિના પંથે હતું પરંતુ હવે ફરી ઠેરઠેર ગંદકી

સુરતઃ છેલ્લા ચારેક વર્ષોથી સ્વચ્છતામાં નં.1 આવતા સુરતમાં આમ તો સફાઈ માત્ર કાગળ પર જ દેખાતી હતી પરંતુ હાલમાં તો સુરતમાં સફાઈની કામગીરી ખૂબ જ કથળી જવા પામી છે. ઠેકઠેકાણે કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. બાકી હતું કે ગાર્ડન વેસ્ટ અને ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટને ઉપાડવાની કે પછી જે તે સોસા. કે એકમ પાસેથી ઉપાડવવાની જવાબદારી પણ જાણે મનપાએ છોડી દીધી હોય તેવી સ્થિતિ સર્જાવા પામી છે. સુરત મનપામાં છેલ્લા બે દાયકાથી સફાઈ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી સેન્ટ્રલાઈઝ્ડ ચાલતી હતી પરંતુ હાલમાં તેને જે તે ઝોનને સોંપી દેવામાં આવતાં હાલત વધુ ખરાબ

...અનુસંધાન પાના ૭ પર

### ગાર્ડન વેસ્ટ, કન્સ્ટ્રક્શન વેસ્ટ અને ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટને ઉઠાવવામાં દિવસો નીકળી જાય છે

હાલમાં જ ચોમાસાની સિઝનમાં ખુદ મનપાના ગાર્ડન વિભાગ દ્વારા અને ખાનગી સોસા.માં વૃક્ષોના ટ્રીમિંગને કારણે મોટી સંખ્યામાં ગાર્ડન વેસ્ટ નીકળ્યો હતો. સાથે સાથે અનેક વિસ્તારોમાં કન્સ્ટ્રક્શન વેસ્ટ પણ નીકળે છે પરંતુ આ બંને વેસ્ટને ઉઠાવવાની જવાબદારી જાણે પોતાની હોય જ નહીં તેવું વર્તન કરવામાં આવી રહ્યું છે. ટ્રેક્ટરો ભાડે લેવામાં આવે છે, કોન્ટ્રાક્ટ

...અનુસંધાન પાના ૭ પર









(તસવીરો : હેમંત ડેરે)

### રોજ સફાઈ થતી નથી અને નાયબ આરોગ્ય અધિકારીઓને ફિલ્ડમાં જવામાં તકલીફ પડે છે!

સુરતમાં સ્વચ્છતા માટે રોજ સફાઈ થવી જરૂરી છે પરંતુ મોટાભાગની શેરીઓમાં સફાઈ કામદારો દેખાતા જ નથી. જે સોસા. કે રસ્તાઓ વેલમેઈન્ટેઈન છે તે સોસા.ના રસ્તાઓ પર સફાઈ જ થતી નથી. આ મામલે જ્યારે નાગરિકો દ્વારા ફરિયાદ કરવામાં આવે ત્યારે જે તે ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા પુરાવાઓ માંગવામાં આવે છે. સામી દલીલો કરવામાં આવે છે. પાલમાં અનેક સોસા. માં આવી હાલત છે, રસ્તાઓ પર પારાવાર ગંદકી છે અને નાયબ આરોગ્ય અધિકારીઓને ફુરસદ નથી. આ તો

...અનુસંધાન પાના ૭ પર

## સુરત આવેલા કેપ્ટન સ્મિતના બાળપણના મિત્ર કેપ્ટન ધવલ સાથે 'ગુજરાતમિત્ર'ની મુલાકાત

# સ્મિત મચ્છર પહેલેથી જુદી માટીનો છે, કોઠાસૂઝ એના લોહીમાં જ છે!

**કેપ્ટન** સ્મિત મચ્છર પોતાના જ મિત્ર કેપ્ટન ધવલ પટેલના સિનિયર હતા

**ધવલ** પટેલને પાઈલટની ટ્રેનિંગમાં મહત્વનું 'ફોર્થ સ્ટ્રીપ' કેપ્ટન સ્મિતના હસ્તે જ એનાયત થયું હતું



કેપ્ટન ધવલને ફોર્થ સ્ટ્રીપ પહેરાવતાં કેપ્ટન સ્મિત મચ્છર.

સુરતઃ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬નો દિવસ હવે સિવિલ એવિયેશનના ઇતિહાસનું એક અદભૂત પ્રકરણ બની ચૂક્યો છે. એ દિવસે કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીને કારણે ૧૭૪ મુસાફરોની જીન્દગી બચી ગઈ, એ સાથે જ આ બહાદુર ભારતીય પાઈલટનું નામ દેશ-વિદેશમાં ગૂંજતું થઇ ગયું. કેપ્ટન સ્મિત મચ્છરના સહાધ્યાયી અને સહકર્મી રહી ચૂકેલા કેપ્ટન ધવલ પટેલ કહે છે, "સ્મિતભાઈ પહેલેથી જ આવા બાહોશ છે."

...અનુસંધાન પાના ૭ પર

### પુત્રને ખોળામાં બેસાડીને હનુમાન ચાલીસાનું પઠન

ધવલભાઈ કહે છે કે વિદ્યાર્થીકાળ દરમિયાન ભણવાની સાથે તોફાન-મસ્તીમાં ય અવ્વલ રહેતા સ્મિતના ઘરમાં પહેલેથી જ ધાર્મિક સંસ્કારો છે. હોસ્પિટલમાં સારવાર લેતા કેપ્ટન સ્મિતની પ્રધાનમંત્રી મોદી સાથેની ટેલીફોનીક વાતચીત આપણે નિહાળી, જેમાં સ્મિતે જણાવ્યું કે કટોકટીની સ્થિતિ દરમિયાન એમણે હનુમાનચાલીસા રટવાનું ચાલુ રાખેલું. આ એમની જૂની ટેવ છે. તેઓ વર્ષોથી હનુમાનચાલીસાના પાઠ નિયમિત ધોરણે કરે છે. દેશ-વિદેશમાં

...અનુસંધાન પાના ૭ પર

### એક વાર મુંબઈ-કોલકત્તા ફ્લાઈટમાં...

કેપ્ટન સ્મિતને કટોકટી સામે બાથ ભીડવાનો લાંબો અનુભવ છે. એક વખતે મુંબઈ-કલકત્તા ફ્લાઈટનો અનુભવ વર્ણવતા ધવલભાઈ જણાવે છે કે એ વખતે હું કેપ્ટન સ્મિતનો કો-પાઈલટ હતો. વિમાનના એકાદ પૂર્જામાં ક્ષતિ ઉદભવી, અને એ જ સમયે બહારના વાતાવરણમાં પણ ગંભીર પલટો આવ્યો. અમે લોકો ક્ષતિગ્રસ્ત પૂર્જા સાથે બેડ વેધરમાં ઉડી રહ્યા હતા! કેટલાક ક્રૂ મેમ્બર્સ રીતસર ધ્રૂજતા હતા. આવા સમયે ગમે એવો માણસ ટેન્શનમાં

...અનુસંધાન પાના ૭ પર

# માંડવીમાં રાત્રે ક્લોરિન ગેસ ગળતરથી અફરાતફરી: ૧૫૦ ઘર ખાલી કરાવાયાં

**એક** હોસ્પિટલમાં દાખલ, ફાયર વિભાગની સમયસૂચક કામગીરીને પગલે સ્થિતિ પર કાબૂ મેળવી લેવાયો



(તસવીર : હિતેશ પટેલ)

માંડવીઃ માંડવી નગરમાં બિલેશ્વર મંદિર પાસે આવેલા નગરપાલિકાના વોટર વર્ક્સ પ્લાન્ટ (પાણીની ટાંકી) ખાતે મોડી રાત્રે ક્લોરિન ગેસ લીકેજ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આ ગંભીર દુર્ઘટનાને પગલે સાવચેતીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા રાતોરાત ૧૫૦થી વધુ ઘરો ખાલી કરાવી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ફાયર વિભાગની સમયસૂચક કામગીરીને પગલે સ્થિતિ પર કાબૂ મેળવી લેવાતાં મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત મધરાતે આશરે ૨થી ૩ વાગ્યાના સુમારે વોટર વર્ક્સ પ્લાન્ટના રૂમમાંથી અચાનક ગેસ લીકેજનો અવાજ આવતાં ત્યાં સૂતેલા કામદારો જાગી ગયા હતા અને તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. બારડોલી ફાયર કંટ્રોલ રૂમને રાત્રે ૨:૪૫ કલાકે કોલ મળતાં જ ટીમો રવાના થઈ હતી. પ્રાથમિક તપાસમાં ખૂલ્યા મુજબ કોન્ટ્રાક્ટર પરેશભાઈ પ્રજાપતિ દ્વારા પાણીની ટાંકીનું કામકાજ ચાલી રહ્યું હતું. દરમિયાન ૭૦થી ૮૦ કિલોના ક્લોરિન સિલિન્ડરને જોઈન્ટ કરતી વખતે વાલ્વ ડેમેજ થતાં આ ગેસ ગળતર શરૂ થયું હતું. ગેસ લીકેજની ઘટનાને પગલે વહીવટી તંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું અને માંડવીના ધોબી નાકાથી તરસાડા બાર સુધીનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરાવી દીધો હતો. ઘટના સ્થળની આસપાસના ૧૫૦થી વધુ ઘરો ખાલી કરાવીને અંદાજે ૧૨૫ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ક્લોરીન ગેસની વધુ અસર થતાં ૩૨ વર્ષીય યુવાન રવિભાઈ પિનાકીન પટેલને માંડવીની પુષ્પક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. સદનસીબે અન્ય કોઈ ગંભીર ઈજા કે જાનહાનિ નોંધાઈ ન હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO), એસ.ડી.એમ., તેમજ નગરપાલિકા પ્રમુખ,

...અનુસંધાન પાના ૭ પર

# નવરાત્રિના આયોજકો પર જીએસટીની નજર

**સુરતમાં** હજારોની કિંમતના મોંઘાદાટ પાસ વેચતા ઓર્ગેનાઈઝર્સ રડાર પર, ગમે ત્યારે દરોડા પડે તેવી સંભાવના

સુરતઃ આગામી નવરાત્રિના મહાપર્વને લઈને શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે બીજી તરફ જીએસટી (GST) વિભાગે

...અનુસંધાન પાના ૭ પર

### પાસ વેચાણથી લઈને કમાણી પર ખાસ ધ્યાન

શહેરમાં મોટા પાયે ગરબાના આયોજનો કરતા ઓર્ગેનાઈઝર્સ માત્ર એન્ટ્રી પાસ દ્વારા જ નહીં, પરંતુ અન્ય ઘણી બાબતોમાંથી મોટી કમાણી કરતા હોય છે. આયોજકો દ્વારા પાર્કિંગ, પીવાનું પાણી, અને ખાણીપીણીના નાસ્તા તેમજ ફૂડ સ્ટોલ પેટે પણ બહારના વેપારીઓને મોટા કોન્ટ્રાક્ટ્સ આપવામાં આવે છે. આ તમામ માધ્યમોથી આયોજકો માતબર રકમ ઉલેચતા હોય છે, પરંતુ નિયમો મુજબ સરકારમાં યોગ્ય ટેક્સ જમા કરાવવામાં મોટે ભાગે ગેરરીતિ આચરવામાં આવતી હોવાની ફરિયાદો અને શંકાઓ સેવાઈ રહી છે.

### સર્વિસ ટેક્સ અને 18 ટકા જીએસટીની જોગવાઈ

નિયમો અનુસાર, નવરાત્રિ કે કોઈપણ મોટા સાંસ્કૃતિક-વાણિજ્યિક આયોજનો સર્વિસ સેક્ટર અંતર્ગત આવતા હોય છે. આ પ્રકારના ઈવેન્ટ મેનેજમેન્ટ અને મનોરંજન સેવાઓ પર 18 ટકાના દરે જીએસટી ભરવાનો નિયમ છે. પરંતુ, અગાઉના વર્ષોના અનુભવો પર નજર કરીએ તો મોટા ભાગના આયોજકો હિસાબોમાં ગોટાળા કરીને અથવા ખોટી એન્ટ્રીઓ બતાવીને કરોડો રૂપિયાના ટેક્સની ચોરી કરતા હોવાનું જીએસટી ડિપાર્ટમેન્ટના ધ્યાનમાં આવ્યું છે.

### આ વર્ષે સ્પેશિયલ લિસ્ટ મંગાવીને સઘન મોનિટરિંગ

ગયા વર્ષોની ટેક્સ ચોરીની ઘટનાઓથી સતર્ક બનેલા જીએસટી વિભાગ દ્વારા આ વર્ષે નવરાત્રિ ઉત્સવ શરૂ થાય તે પહેલા જ શહેરના તમામ મોટા નવરાત્રિ આયોજકોના લિસ્ટ મંગાવી લેવામાં આવ્યા છે. વિભાગની સ્પેશિયલ ટીમ

...અનુસંધાન પાના ૭ પર

## બે અજાણ્યા શખ્સો દ્વારા ધંધાના નામે મિટિંગ કરી બાદમાં જમવા સાથે આવેલા

# શેરબજારના વેપારીના પુત્રનું અપહરણ

**અડાજણના** શેરબજારના વેપારી પ્રમોદ પટવાનો પુત્ર આગમ ચર્ચા કર્યા બાદ માટે બે અજાણ્યા સાથે જમવા ગયો હતો

**જમ્યા** બાદ પુત્ર આગમ કે ચર્ચા માટે આવેલા બંને પરત આવ્યા નહીં

**સીસીટીવીમાં** બંને શખ્સ આગમને કાળી કારમાં બેસાડીને જતાં દેખાયા, પોલીસે ગુનો નોંધી નાકાબંધી શરૂ કરી

સુરતઃ અડાજણ વિસ્તારમાં શેરબજારના વેપારીના 27 વર્ષીય પુત્રનું ધોળે દિવસે અપહરણ થયું હતું. શેરબજારના ધંધા અંગે વાતચીત કરવાના બહાને ઓફિસે આવેલા બે અજાણ્યા શખ્સો યુવકને નજીકની હોટલમાં જમવા લઈ ગયા હતા અને ત્યારબાદ કાળી કલરની ફોર વ્હીલ કારમાં તેનું અપહરણ કરી ફરાર થઈ ગયા હતા. પુત્રનો ફોન સ્વિચ ઓફ આવતાં અને સીસીટીવી ફૂટેજમાં અપહરણની ઘટના કેદ થતાં પિતાએ અડાજણ પોલીસ મથકે બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

...અનુસંધાન પાના ૭ પર

### બિલ ચૂકવ્યા બાદ યુવક ગાયબ, CCTVમાં કાળી કાર દેખાઈ

હોટલમાં જમી લીધા બાદ આગમે પિતા પ્રમોદભાઈને વોટ્સએપ પર સ્કેનર મોકલી બિલ ચૂકવવા જણાવ્યું હતું. પિતાએ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરી બિલ ચૂકવી દીધું હતું. પરંતુ અડધો કલાક વીતી જવા છતાં આગમ કે પેલા બંને ઈસમો ઓફિસે પરત ન ફરતાં

...અનુસંધાન પાના ૭ પર

### ઓફિસે ચર્ચા કર્યા બાદ હોટલમાં જમવા લઈ ગયા

બીજા દિવસે તા. 06 ઓક્ટોબરના રોજ સવારે અમુલભાઈ નામના શખ્સે આગમનો સંપર્ક કરતાં આગમે તેને અડાજણ પેસિફિક

...અનુસંધાન પાના ૭ પર

### પોલીસે અપહરણનો ગુનો નોંધી નાકાબંધી કરી

અપહૃત યુવક આગમ પટવાના વર્ણન મુજબ તે ઘઉંવર્ણો, મધ્યમ બાંધો, 5.5 ફૂટ ઊંચાઈ ધરાવે છે અને બનાવ સમયે ગ્રે કલરનો

...અનુસંધાન પાના ૭ પર

## હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા

સ્વ.તા.૦૩-૧૦-૨૦૨૬

તમારી મીઠી યાદો, નિઃસ્વાર્થ સ્નેહ અને સ્નેહભર્યો સાથ હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે. આપની યાદો અમને જીવનભર સંવેદના અને પ્રેરણા આપતી રહેશે. ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

શોકાતુર પતંગ મિત્રો

સ્વ. વિષ્ણુ વખારીયા

| | |
|---|---|
| ઋષિકેશ માંડવીવાળા | જોય ટેલર |
| સુનીલ ઘમણવાલા | જનક ઘમણવાલા |
| હિરેન ઘમણવાલા | બિરેન વખારીયા |
| નિલેશ વખારીયા | રામચંદ્ર વખારીયા |
| ધવલ રાંદેરીયા | ભાવેશ ઝવેરી |
| નિરવ શાહ | જય રાંદેરીયા |
| | જનક જરીવાલા |

## - ૐ શાંતિ -



સ્વ. ભારતીબેન જશવંતસિંહ ગોહિલ

સ્વ. તા. ૦૫-૧૦-૨૦૨૬

"રજની જશે ને પ્રભાત ઊજળશે ને સ્મિત કરશે પ્રેમાળ, દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદય વસ્યાં ચિરકાળ. જે મેં ખોયાં હતાં ક્ષણવાર."

અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા **માતૃશ્રી સ્વ. ભારતીબેન જશવંતસિંહ ગોહિલ** નું દુઃખદ નિધન તા. ૦૫-૧૦-૨૦૨૬ ના રોજ થયેલ છે. સદગતના મોક્ષાર્થે સંયુક્ત બેસણું રાખવામાં આવેલ છે.

**દિવસઃ** ગુરુવાર, ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ - **સમયઃ** બપોરે ૨:૦૦ થી ૫:૦૦

**સ્થળઃ** એસ. કે. પાર્ક ઉમરા એસ. એમ. સી. કમ્યુનિટી હોલ, ઉમરા ગામ, અઠવા, સુરત - ૩૯૫૦૦૭

| લિ.: | વ્યથિત: |
|---|---|
| પ્રાપ્તિ ગોહિલ | સ્વ. પ્રતાપસિંહ ઠાકોર |
| પ્રિયંકા ગોહિલ | ભીમસિંહ ઠાકોર |
| પ્રેયસ પટેલ | તથા સમસ્ત ઠાકોર પરિવાર (ટેકરા ફળિયા, મરોલી) |

## શ્રી ઉ. ગુ. પાંચ ગામ લેઉવા પાટીદાર સમાજ (બાલીસણા) બેસણું/પ્રાર્થનાસભા



સ્વ. સુનિલભાઈ ભગવાનદાસ પટેલ

સ્વ.તા. ૦૭-૧૦-૨૦૨૬ ભાદરવા વદ બારસ ને બુધવાર (ઉ.વ.૬૬)

મોટોમાઢ,મુ. બાલીસણા, તા. જી. પાટણ. (હાલ - સુરત)

**બેસણું (સુરત)**

તા. ૦૮-૧૦- ૨૦૨૬ ને ગુરુવાર ના રોજ સવારે ૦૮:૦૦ થી ૧૦:૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ :- ભારતીય પોલી ક્લિનિક ઈન એનિમલ હસબંડરી, ભરતીયા વિદ્યા સંકુલ, પાંજરાપોળ, બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઑફ બરોડાની સામે, ઘોડદોડ રોડ, સુરત

**બેસણું (બાલીસણા)**

તા.:- ૧૧-૧૦-૨૦૨૬ ને રવિવાર ના રોજ સવારે ૦૮:૦૦ કલાક થી ૧૦:૦૦ કલાક સુધી રાખેલ છે.
સ્થળ:- નાથાણી પાટીની વાડી, મુ. બાલીસણા, તા. જી. પાટણ.

**શોકાતુર સ્વજન**

અંકિત સુનિલભાઈ પટેલ (પુત્ર) હાર્વી અંકિતભાઈ પટેલ (પુત્રવધુ)
કબીર અંકિતભાઈ પટેલ (પૌત્ર) નિવાન અંકિતભાઈ પટેલ (પૌત્ર)
કિરણ તેજકુમાર પટેલ (પુત્રી) ચેતાલી નીખિલકુમાર આરીવાલા (પુત્રી)
હિતેષા ચિન્મયકુમાર મર્ચન્ટ (પુત્રી) મોના જીગરકુમાર પટેલ (પુત્રી)
તથા સમસ્ત વાલાભાઈ મનોરભાઈ પટેલ પરિવાર. મો . 9825117752.

ફર્મ : વિશાલ લુમ્સ, સુરત

## સુરતી મોઢ વણિક-પાથરણું



સ્વ. યોગેશચંદ્ર રતિલાલ મોદી (દેડકાવાળા)
જન્મ તા. ૨૫/૦૪/૧૯૫૭
સ્વ.તા. ૦૭/૧૦/૨૦૨૬
(ઉંમર ૬૯)

દિલગીરી સહ જણાવવાનું કે, મારા પતિશ્રી/પિતાશ્રી યોગેશચંદ્ર રતિલાલ મોદી(દેડકાવાળા)નું તા. ૭/૧૦/૨૦૨૬ના બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું પાથરણું તા. ૮/૧૦/૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ કલાકે રાખેલ છે

પાથરણાનું સ્થળ : બીજો માળ, શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ, મોઢ વણિકભવન, પાલ, સુરત.

લિ.

ગં.સ્વ.આશાબેન(ચંદાબેન) યોગેશચંદ્ર મોદી (દેડકાવાળા)
રવિ યોગેશચંદ્ર મોદી (પુત્ર) પૂનમ રવિ મોદી (પુત્રવધૂ)
નેનશી પ્રણવ સુખારામવાળા (પુત્રી) પ્રણવ અજય સુખારામવાળા (જમાઈ)
અલૌકિક, આર્ય, હરિશ્રી, તનુષ
સમસ્ત દેડકાવાળા પરિવાર

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ક્રિયાકુમારી પ્રકાશભાઈ પટેલ
જન્મ તા. ૨૦/૦૩/૨૦૧૩
સ્વ. તા. ૦૮/૧૦/૨૦૨૫
તિથી આસોવદ બીજ

આંખોમાં તરવરે છે આપનો હસતો ચહેરો, અંતરમાં વસેલું છે આપની યાદોનું ઘર, આંસુઓથી ભીંજાતા રહે છે અંતર મન અમારા. તમારા મધુર સ્મરણો અમારા હૃદયમાં અંકિત છે અને જે હૃદયસ્થ હોય છે તે સ્વર્ગસ્થ નથી હોતા. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.

| | |
|---|---|
| પ્રકાશભાઈ ફાલ્ગુનભાઈ પટેલ | ધવલ મહેશભાઈ પટેલ |
| ઉર્વશીબેન પ્રકાશભાઈ પટેલ | મહેશભાઈ રામુભાઈ પટેલ |
| તથા સમસ્ત પરિવાર | તથા સમસ્ત પરિવાર |

## શ્રદ્ધાંજલિ



સ્વ. હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલ
(સ્વ. તા. ૦૪/૧૦/૨૦૨૬)

સમય જીંદગીનો ઓછો હશે ...
ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ...
ક્યાં ખબર હતી,

કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
ભગવાન દિવ્ય આત્માને આશીર્વાદ આપે,
એ જ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ.

સુનિલભાઈ બાલુભાઈ મૈસુરીઆ - વેલણપુર (પેરીસ)
તથા સમસ્ત પરિવાર

## શ્રદ્ધાંજલિ



સ્વ. હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલ
(સ્વ. તા. ૦૪/૧૦/૨૦૨૬)

હિમાંશુ, આજે તું અમારી વચ્ચે નથી,
પણ તારી યાદો આજે પણ અમારી સાથે જીવંત છે.
તારી મિત્રતા જીવનની એવી અમૂલ્ય યાદ છે,
જેને સમય પણ ક્યારેય ભૂંસી શકશે નહીં.
તારી ખોટ શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી
તું નજરોથી દૂર થયો છે, દિલથી નહીં.
ભગવાન તારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.
તને ક્યારેય ભૂલી ન શકનારા તારા મિત્રો તરફથી
ભાવભીની શ્રદ્ધાંજલિ.

રાજેશ પટેલ (ભીખો) - નવસારી
રાજેશ પટેલ - નવસારી
મનહર ઢોડીયા - નવસારી